सत्यमेव जयते

| | | | | |
|---|---|---|---|---|
| **કેસ દાખલ કર્યા તારીખ** | **:–** | **૦૨/૧૨/૨૦૨૪** | | |
| **ઠરાવ જાહેર તારીખ** | **:–** | **૦૧/૦૭/૨૦૨૬** | | |
| **સમયગાળો** | **:–** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | | **૦૧** | **૦૬** | **૨૯** |

## ક્રિમીનલ મેન્યુઅલના નિયમ રૂલ–૧૭૯(એ) અન્વયે જજમેન્ટ

**FORM - A**

**મે. અંકલેશ્વરનાં એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (શ્રી વી. આર. સોલંકી ) સાહેબની કોર્ટમાં , અંકલેશ્વર , જી.ભરૂચ.**

**આંક:–**

**(જજમેન્ટ તારીખ– ૦૧/૦૭/ ૨૦૨૬)**

**ક્રિમીનલ કેસ નં– ૫૮૨૫/૨૦૨૪**

**(અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશન, ગુ.ર.નં. ૧૧૧૯૯૦૨૧૨૪૦૭૯૮/૨૦૨૪)**

**બી.એન.એસ. કલમ–૨૮૧,૧૨૫(એ),૧૨૫(બી) ૩૨૪(૪),૧૦૬(૧) તથા એમ.વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબ.**

| | |
|---|---|
| **ફરીયાદી :–** | **શ્રી સરકાર.**<br>**(મૂળ ફરીયાદી– રાહુલભાઈ હજારીભાઈ ગોડ)** |
| ફરીયાદપક્ષ તરફે :– | વિ. એડીશ્નલ પબ્લીક પ્રોશીકયુટર<br>શ્રી એસ.વી. પટેલ |
| **આરોપી :–** | **બાબુભાઈ કાશીરામ મોદી**<br>રહે.મ.નં.૩૨૧૩/૩૭ પારસમણી બંગલોઝ સોસાયટી, પાસમણી કોમ્પલેક્ષ સામે, જી.આઈ. ડી.સી. અંકલેશ્વર, જી.ભરૂચ |
| આરોપી તરફે :– | વિ.વ.શ્રી બી.એચ. સૈયદ / જે.એસ. મલેક |

**FORM - B**

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ– | ૧૧/૦૮/૨૦૨૪ |
| એફ.આઈ.આર.તારીખ– | ૧૧/૦૮/૨૦૨૪ |
| ચાર્જશીટ કર્યા તારીખ– | ૨૯/૧૧/૨૦૨૪ |
| તહોમતનામુ ફરમાવ્યા તારીખ– | ૧૫/૦૪/૨૦૨૬ |
| પુરાવો નોંધવાની શરૂઆત કર્યા તારીખ– | ૨૪/૦૩/૨૦૨૫ |

| | |
|---|---|
| ચુકાદો અનામત રાખ્યા તારીખ– | ૦૧/૦૭/ ૨૦૨૬ |
| ચુકાદા તારીખ– | ૦૧/૦૭/ ૨૦૨૬ |
| સજાનો હુકમ ફરમાવ્યા તારીખ,જો હોય તો | ––––––––––– |

**–::આરોપીની વિગત::–**

| આરોપીનો રેન્ક | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન મુકત કર્યા તારીખ | આરોપી ઓ સામેના ગુનાનુ તહોમત | નિર્દોષ કે દોષિત. | ફરમાવેલ સજા. | ક્રિ.પ્રો. કો. કલમ– ૪૨૮ અન્વયે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન અટકાયત મા પસાર કરેલ સમય. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | બાબુભાઈ કાશીરામ મોદી | | | બી.એન.એસ. કલમ–૨૮૧,૧૨૫(એ),૧૨૫(બી) ૩૨૪(૪),૧૦૬(૧) તથા એમ.વી. એકટ કલમ– ૧૭૭,૧૮૪ | નિર્દોષ | – | લાગુ પડતુ નથી. |

**FORM - C**

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટના સાહેદોનું લીસ્ટઃ–**

**<u>એ – ફરીયાદપક્ષે સાહેદોનું લીસ્ટઃ–</u>**

| ક્રમ | સાહેદનું નામ | આંક | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | રાહુલભાઈ હજારીભાઈ ગોડ | ૦૫ | ફરીયાદી |
| ૨ | કૈલાશ શાકરીયાભાઈ ભાભોર | ૦૭ | સાહેદ |
| ૩ | કાન્તુભાઈ વસનાભાઈ ભાભોર | ૦૮ | સાહેદ |
| ૪ | લાલજીભાઈ મગનભાઈ ભાભોર | ૦૯ | સાહેદ |
| ૫ | બધીયાભાઈ હુમજીભાઈ ભુરીયા | ૧૧ | સાહેદ |
| ૬ | મુકેશભાઈ રમણલાલ બંજારા | ૧૩ | પંચ સાહેદ |
| ૭ | ઈશ્વરભાઈ નૈનસીગભાઈ બંજારા | ૧૭ | પંચ સાહેદ |

**બી – બચાવપક્ષે સાહેદોનું લીસ્ટઃ–**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| –– | –––– | ––– |

**સી – કોર્ટ સાહેદોનું લીસ્ટઃ–**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| –– | –––– | ––– |

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ ના દસ્તાવેજી પુરાવાનું લીસ્ટઃ–**

**એ – ફરીયાદપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટઃ–**

| ક્રમ | આંક | દસ્તાવેજ નું વર્ણન |
|---|---|---|
| ૧ | ૦૬ | ફરીયાદ |
| ૨ | ૧૨ | પોસ્ટ મોર્ટમ એઝામીનેશન રીપોર્ટ |
| ૩ | ૧૪ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૪ | ૧૫ | મરણોત્તર પંચનામું |
| ૫ | ૧૮ | મેડીકલ સર્ટીફીકેટ |

**બી– બચાવપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટઃ–**

| ક્રમ | આંક | દસ્તાવેજ નું વર્ણન |
|---|---|---|
| –– | ––– | ––– |

**સી – કોર્ટ તરફે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટઃ–**

| ક્રમ | આંક | દસ્તાવેજ નું વર્ણન |
|---|---|---|
| –– | ––– | ––– |

**– :: ઠ રા વ ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી ફોર વ્હીલ ગાડી નં.જીજે–૧૬–સી.એન.–૬૪૭૮ ના ચાલકે પોતાના કબજામાની ફોરવ્હીલ ગાડી સેન્ટર પોઈન્ટ તરફથી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી

લાવી બચપન સ્કુલ નજીક ફરીયાદીશ્રીની રોડની સાઈડે ઉભે રાખેલ મો.સા. નં.જીજે–૧૬–બી.ઈ.–૯૦૪૭ ને પાછળથી ટકકર મારી ફરીયાદી તથા મો.સા.ને રોડ ઉપર ફંગોડી નાખી અને ફરીયાદીશ્રીની મો.સા.ની આગળ ચાલતા ઈજા પામનાર સાહેદ શ્રી શાંતુબેન કૈલાસભાઈ ભાભોર નાઓને પણ અડફેટમા લઈ તેને માથાના ભાગે ગંભીર ઈજા પહોચાડી હેડ હેમરેજ કરી તથા ડાબી આંખની ઉપર કપાળના ભાગે ગંભીર ઈજાઓ પહોચાડી તેમજ ફરીયાદીશ્રીને જમણા પગના ભાગે તથા જમણા હાથે તથા જમણા પગની જાંગ પર નાની મોટી સામાન્ય ઈજાઓ પહોચાડી તથા ફરીયાદીશ્રીની મો.સા. તથા લોખંડના ખાડલા તથા ફોરવ્હીલ ગાડીને નુકશાન પહોચાડી ગુન્હો કરતા, તે અંગેની આ કામના ફરીયાદીએ ફરીયાદ કરતા આરોપી વિરૂધ્ધ તપાસના અંતે પુરતા પુરાવા મળી આવતા હાલના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ આ કામે આરોપીને આ અદાલત ધ્વારા સમન્સ કરતા, આરોપી આ અદાલત સમક્ષ હાજર થયેલ છે અને આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે આપવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આંક–૩ થી આરોપીની ગુના અંગેની પ્લી નોંધવામાં આવતા, આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. આ કામે આરોપી સામે આંક–૨૦ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષે નીચે મુજબનાં પુરાવાઓ રજુ રાખેલ છે.

**<u>મૌખિક પુરાવો :–</u>** **આંક**

| | | |
|---|---|---|
| (૧) | ફરીયાદી રાહુલભાઈ હજારીભાઈ ગોડની જુબાની | ૦૫ |
| (૨) | સાહેદ કૈલાશ શાકરીયાભાઈ ભાભોરની જુબાની | ૦૭ |
| (૩) | સાહેદ કાન્તુભાઈ વસનાભાઈ ભાભોરની જુબાની | ૦૮ |
| (૪) | સાહેદ લાલજીભાઈ મગનભાઈ ભાભોરની જુબાની | ૦૯ |
| (૫) | સાહેદ બધીયાભાઈ હુમજીભાઈ ભુરીયાની જુબાની | ૧૧ |
| (૬) | પંચ સાહેદ મુકેશભાઈ રમણલાલ બંજારાની જુબાની | ૧૩ |
| (૭) | પંચ સાહેદ ઈશ્વરભાઈ નૈનસીંગભાઈ બંજારાની જુબાની | ૧૭ |

| **<u>દસ્તાવેજી પુરાવો :–</u>** | | **આંક** |
|---|---|---|
| (૧) | ફરીયાદ | ૦૬ |
| (૨) | પોસ્ટ મોર્ટમ એઝામીનેશન રીપોર્ટ | ૧૨ |
| (૩) | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૪ |
| (૪) | મરણોત્તર પંચનામું | ૧૫ |
| (૫) | મેડીકલ સર્ટીફીકેટ | ૧૮ |

(૪) ત્યારબાદ ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવેલ છે. ઉપરોકત પુરાવો રજુ થયા બાદ આરોપીનું બી.એન.એસ.એસ. કલમ–૩૫૧ હેઠળ વિશેષ નિવેદન નોંધવા લાયક જણાતા આરોપીનુ વિશેષ નિવેદન નોંધેલ છે. ત્યાર બાદ બંને પક્ષકારોની દલીલો સાંભળી.

(૫) ઉપરોકત હકીકતે કેસનાં નિર્ણય માટે નીચે મુજબનો મુદો ઉપસ્થિત થાય છે.

**–:: મુદાઓ ::–**

(૧) શું ફરીયાદપક્ષ એમ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના

આરોપી ફોર વ્હીલ ગાડી નં.જીજે–૧૬–સી.એન.–૬૪૭૮ ના ચાલકે પોતાના કબજામાની ફોરવ્હીલ ગાડી સેન્ટર પોઈન્ટ તરફથી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી બચપન સ્કુલ નજીક ફરીયાદીશ્રીની રોડની સાઈડે ઉભે રાખેલ મો.સા. નં.જીજે–૧૬–બી.ઈ.–૯૦૪૭ ને પાછળથી ટકકર મારી ફરીયાદી તથા મો.સા.ને રોડ ઉપર ફંગોડી નાખી અને ફરીયાદીશ્રીની મો.સા.ની આગળ ચાલતા ઈજા પામનાર સાહેદ શ્રી શાંતુબેન કૈલાસભાઈ ભાભોર નાઓને પણ અડફેટમા લઈ તેને માથાના ભાગે ગંભીર ઈજા પહોચાડી હેડ હેમરેજ કરી તથા ડાબી આંખની ઉપર કપાળના ભાગે ગંભીર ઈજાઓ પહોચાડી તેમજ ફરીયાદીશ્રીને જમણા પગના ભાગે તથા જમણા હાથે તથા જમણા પગની જાંગ પર નાની મોટી સામાન્ય ઈજાઓ પહોચાડી તથા ફરીયાદીશ્રીની મો.સા. તથા લોખંડના ખાડલા તથા ફોરવ્હીલ ગાડીને નુકશાન પહોચાડી, બી.એન. એસ. કલમ–૨૮૧,૧૨૫(એ),૧૨૫(બી) ૩૨૪(૪),૧૦૬(૧) તથા એમ.વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદાનો મારો નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

(૭) આ માટેના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

**મુદા નં.૧ :–**

(૮) આ કામમાં રેકર્ડ ઉપર રજુ થયેલો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તથા બંને પક્ષોની દલીલોને ધ્યાને લેતા આ કામે ફરીયાદપક્ષે આંક–૫ થી ફરીયાદી રાહુલભાઈ હજારીભાઈ ગોડને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ તા. ૧૧–૮–૨૪ ના રોજ બનેલો બનાવના રોજ સવારે સાત વાગે તેઓ તેમની મો.સા. નં. જીજે ૧૬ બીઈ ૯૦૪૭ ની ઉપર લોખંડના ખાટલા બાંધી છુટક વેપાર કરવા માટે નીકળેલા અને આશરે દશ એક વાગે અંકલેશ્વર જીઆઈડીસીમા આવેલ બચપન સ્કુલ નજીક તેઓની ગાડી ઉભી રાખી પેશાબપાણી કરી મો.સા. ઉપર બેસવા જતા હતા ત્યારે એક ફોર વ્હીલર ગાડી આવી તેઓને પાછળથી ટકકર મારતા તેઓ નજીકની ગટરમા ફંગોળાઈ ગયેલો અને તેઓની મો.સા. તથા ખાટલા પણ ફંગોળાઈ ગયેલા અને તુટી ગયેલા તેમા તેઓની મો.સા. ની આગળ ચાલતા એક બહેનને પણ ફોર વ્હીલ ગાડીના ચાલકે અડફેટમા લીધેલા જેથી તેને ગંભીર ઈજાઓ થયેલી અને તેઓ બે ભાન થઈ ગયેલા તે વખતે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા અને ૧૦૮મા તેઓને સારવાર માટે ભરૂચ સીવીલ હોસ્પિટલ ખાતે લઈ ગયેલા જેમા તેઓની પ્રાથમીક સારવાર કરેલી અને જે બેનને ગંભીર ઈજાઓ થયેલી તે બહેનને માથાના ભાગે હેમરેજ થયેલ હોય જેથી તેને વધુ સારવાર માટે વડોદરા સીવીલ હોસ્પિટલ ખાતે રીફર કરેલા જે અંગેની ફરીયાદ

તેઓએ હોસ્પિટલમાથી લખાવેલી જે ફરીયાદની ખરી નકલ તેઓને બતાવવામા આવે છે જેમા તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવતા હોય ફરીયાદ આંક–૬ થી રજુ રાખેલ છે. અકસ્માત કરનાર ફોર વ્હીલ ગાડીનો નંબર તેઓને હાલ યાદ નથી કે તેઓ આરોપીને જોયે ઓળખતા નથી. બનાવ અંગે પોલીસને ગુનાવાળી જગ્યા બતાવેલી. સદર ફરીયાદીને વિ.એ.પી.પી.શ્રી દવારા ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં તેઓએ પોતાની પોલીસ રૂબરૂની ફરીયાદ હકીકતને સમર્થન આપેલ નથી.

જયારે સદર ફરીયાદીએ આરોપી તર્ફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, સદર કામના આરોપીઓ સાથે તેઓને સમાધાન થઈ ગયેલ છે. અકસ્માત કરનાર ગાડીનો નંબર તેઓને યાદ નથી કે તેઓએ ગાડી કોણ ચલાવતું હતું તે પણ જોયેલ નથી. ગાડીનો સ્પીડ નોરમલ હતી.

(૯) વધુમાં, આ કામે ફરીયાદપક્ષે આંક–૭ થી સાહેદ કૈલાશ શાકરીયાભાઈ ભાભોરને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ મજુરી કામ કરે છે. બનાવ તા.૧૧–૮–૨૪ ના રોજ બનેલો. બનાવના રોજ સવારના સાત વાગે તેઓ તથા તેમના પત્ની શાંતુબાઈ નાઓ અંકલેશ્વર જીઆઈડીસીમા પો.સ્ટે. નજીક કડીયાકામ કરવા માટે ગયેલ હતા અને આશરે નવ વાગ્યાની આસપાસ તેઓના પત્ની સંડાસ જવા માટે ગયેલા જે પોલીસ સ્ટેશનની સામે ગયેલ હતા અને તેઓ તેઓનુ કડીયાકામ કરતા હતા. ત્યાર બાદ અડધો કલાક પછી તેઓને ખબર પડેલી કે તેઓના પત્નીનું એકસીડન્ટ થયેલ છે, તે સમય

એક એમ્બ્યુલન્સ પો.સ્ટે.ની સામેથી નીકળેલ હતી અને તેઓના પત્ની પાછા નહીં આવતા તેઓએ તપાસ કરેલી તો તેઓના પત્ની જે જગ્યાએ સંડાસ કરવા ગયેલા હતા ત્યાં નજીકમા તેના ચંપલ પડેલ હતા. ત્યારબાદ તેઓએ પોલીસને પુછતા પોલીસે તેઓને જણાવેલ કે, તેઓના પત્નીને ભરૂચ દવાખાને લઈ ગયેલા છે. ત્યાં તેઓના પત્નીને એક કલાક જેટલો સમયે સારવાર માટે રાખેલ હતા પરંતુ તે દવાખાનાનું નામ ખબર નથી અને ત્યાંથી ડો. સાહેબે કરેલ કે તેમને વડોદરા ખાતે લઈ જાવ ત્યાર બાદ ૧૦૮ મા મારી પત્નીને વડોદરા સરકારી દવાખાને દાખલ કરેલ હતા, તે સમયે તેઓના પત્ની બે ભાન હતા, ત્યાં તેમની સારવાર ચાલુ હતી ત્યાર બાદ તેર તારીખે તેઓના પત્ની મરણ ગયેલ છે તેવું ડોકટર સાહેબે જણાવેલુ. તેઓની પત્નીનું જે ગાડીથી અકસ્માત થયેલ હતો તે ગ્રીન કલરની મારુતી કાર હતી જે જીજે ૧૬ ૬૪૭૮ નંબરની હતી તેવું તેઓએ જાણેલ હતું. આ અકસ્માત તેઓની પત્નીને દવાખાને લઈને ગયેલા ત્યાર બાદ તેઓએ હકીકત જાણેલી. આ ગાડી કોણ ચલાવતુ હતુ તેના ચાલકને તેઅઓ જોયેલ હતો નહી અને પાછળથી પણ તેઓને જાણવા મળેલ નથી અને આ અકસ્માત કેવી રીતે થયેલ હતો તેની તેઓને ખબર નથી. પોલીસે તેઓની પુછપરછ કરેલ હતી અને તેઓનો જવાબ લીધેલ હતો. સદર ગુનાના કામે તેઓના પત્ની મરણ જતા તેઓની લાશની અંતીમ વીધી સારુ તેઓને સોંપવામા આવેલ હતી જેની પાવતી તેઓને બતાવવામા આવે છે જેમા તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રી દવારા ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસ કરતા તેમાં સદર સાહેદ એ હકીકતનો સ્વિકાર કરે છે કે, તેઓએ તેમના

પોલીસ જવાબમા એવી હકીકત લખાવેલ છે કે, તેઓના પત્ની એકાદ કલાક થઈ જતા પરત નહીં આવતા તેઓ તેની પાછળ પાછળ જોવા માટે ગયેલ તે વખતે બચપન સ્કુલની નજીક એકસીડન્ટ થયેલ હોવાથી ઘણા બધા માણસો ભેગા થયેલ હોવાથી તેઓ પણ ત્યાં ગયેલ હતા. તેઓએ જોયેલ તો તેઓના પત્ની શાંતુબાઈનાઓ રોડ સાઈડમા બે ભાન અવસ્થામા પડેલ હતી અને તેને ડાબી આંખની ઉપર કપાળના ભાગે તેમજ માથાના ભાગે ઈજા થયેલ હતી અને ડાબા કાનમાથી લોહી નીકળતું હતું. ત્યાં એક મો.સા. વાળા માણસને પણ ઈજાઓ થયેલ હતી જેથી તેઓએ ઈજા થયેલ ભાઈને પુછતા તેણે પોતાનું નામ રાહુલ હોવાનું જણાવેલ અને તેઓને બનાવ બાબતે કહેલ કે, "હું મારી મો.સા. જીજે ૧૬ બીઈ ૯ ૦૪૭ રોડની સાડીમા ઉભો રાખી પેશાબ પાણી કરવા ગયેલ અને પરત મો.સા. ઉપર બેસતો હતો તે વખતે એક ફોર વ્હીલ ગાડી પુરઝપડે આવી મારી મો.સા.ને પાછળથી ટકકર મારત હું નજીકની ગટરમા ફંગોડાઈ ગયેલો અને મારી મો.સા.ની આગળ ચાલતા આ તમારા પત્ની શાંતુબાઈ નાઓને ફોર વ્હીલ ગાડીએ અડફેટમા લેતા તેને પણ ગંભીર ઈજાઓ પહોંચાડેલી.

જયારે સદર સાહેદએ આરોપી તર્ફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓને લખતા વાંચતા આવડતુ નથી અને તેઓને અંગ્રજી ભાષા પણ આવડતી નથી. તેઓને અંગ્રેજીના અક્ષરો તથા શબ્દો વાંચતા આવડતા નથી. બનાવના દિવસે તેઓએ વાહનનો નંબર વાંચી લીધેલો.

સવાલ : હુ આજરોજ તમને અંગ્રેજીમા જીજે–૧૬–૧૨–૧૮૯૪ લખેલ છે જે વાંચી બતાવી શકો છો ?

જવાબ : ઉપર લખેલ આંકડા એક છ બારા એક આંઠ નવ ચાર છે.

પોલીસે તેઓને ફકત તેઓનુ નામ અને સરનામુ પુછેલુ. તેઓ રાહુલભાઈ સાથે કોઈ વખત મળેલ નથી.

(૧૦) વધુમાં, આ કામે ફરીયાદપક્ષે આંક–૮ કાન્તુભાઈ વસનાભાઈ ભાભોરને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ આ કામના ફરીયાદીને ઓળખતા નથી. બનાવ તા.૧૧–૦૮–૨૪ ના રોજ બનેલ હતો. બનાવ સવારે સાડા નવ વાગે બનેલો. બનાવના નારોજ તેઓ સવારે જીઆઈડીસી પો.સ્ટે. નજીક કળીયાકામ કરતા હતા ત્યારે તે વખતે શાંતુબાઈ સંડાસ કરવા સારુ ગયેલા ત્યારે તેઓને જાણ થયેલી કે, જી.આઈ. ડી.સી. પો.સ્ટે. સામે શાંતુબાઈનું ફોર વ્હીલ ગાડીથી અકસ્માત થયેલ છે. અને તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ થયેલી અને એમ્બ્યુલન્સ વાળા તેમને સીવીલ હોસ્પિટલ, ભરૂચ ખાતે લઈ ગયેલા તેવી હકીત જાણતા તેઓ તથા લાલજીભાઈ ભરૂચ સીવીલ હોસ્પિટલ ગયેલા તો જોયેલ તો શાંતુબાઈ બેભાન અવસ્થામા હતા અને તેને કપાળના ભાગે અને માથાના ભાગે ઈજાઓ થયેલી હતી અને તેને ડો.શ્રીએ પ્રાથમીક સારવર કરતા તેને માથાના ભાગે હેમરેજ થયેલાનું જણાવતા વધુ સારવાર માટે વડોદરા સીવીલ હોસ્પિટલ ખાતે રીફર કરતા તેઓ તેને વડોદરા લઈ ગયેલ હતા તે વખતે તેઓ પણ તેમની સાથે ગયેલા. અને તે મરણ ગયેલ હતા. આ શાતુબેનને જે ગાડીથી અકસ્માત થયેલો તે ફોર વ્હીલ ગાડીનો નં.૬૪૭૮ નો હતો. અને જે ભરૂચ જીલ્લાના પાર્સીંગની હતી. જે બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલ હતો. અકસ્માત કરનાર ગાડી ચાલકને તેઓએ જોયેલો જેને તેઓ

જોયે શકે છે જે ના.કોર્ટમા હાજર છે તે તેજ છે. બનાવ કેવી રીતે બનેલો તે તેઓએ જોયેલ નહી. બનાવ બન્યા બાદ તેઓ બનાવ સ્થળે પહોંચેલા. સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રી દવારા ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસ કરતા તેમાં સદર સાહેદ એ હકીકતનો સ્વિકાર કરે છે કે, તેઓએ તેમના પોલીસ જવાબમા એવી હકીકત લખાવેલ છે કે, શાંતુબેનને અકસ્માત કરનાર ફોર વ્હીલ ગાડીનો નંબર તેઓએ જોયેલો જે જીજે ૧૬ સીએમ ૬૪૭૮ નો હતો અને તે ગાડી દશ એક વાગે બચપન સ્કુલ પાસે એક મો.સા. ઉભી હતી અને મો.સા.ની પાછળથી એક ફોર વ્હીલગાડી પુર ઝડપે આવી મો.સા. ને પાછળથી ટકકર મારતા મો.સા. ચાલકને રોડ ઉપર ફંગોડી નાખેલ અને મો.સા.ની આગળ શાતુંબાઈને પણ ફોર વ્હીલ ગાડીના ચાલકે અડફેટે લીધેલ.

જયારે સદર સાહેદએ આરોપી તર્ફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓને ગુજરાતી લખતા વાંચતા આવડતુ નથી. પોલીસે તેઓના જવાબમા શુ લેખલુ તે તેઓએ વાંચેલ નથી. બનાવ બનતા તેઓએ જોયેલ નથી. તેઓએ ફોર વ્હીલ ગાડીના ચાલકને જોયેલ હતો તેવી હકીકત તેઓએ તેમના જવાબમા લખાવેલ નથી. પોલીસે ફકત તેઓનુ નામ સરનામુ પુછેલુ તેઓએ પોલીસને કોઈ બીજી હકીકત લખાવેલ નથી.

(૧૧) વધુમાં, આ કામે ફરીયાદપક્ષે આંક–૯ થી સાહેદ લાલજીભાઈ મગનભાઈ ભાભોરને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ આ કામના ફરીયાદીને ઓળખતા નથી. બનાવ તા.૧૧–૦૮–૨૪ ના રોજ બનેલ હતો. બનાવ સવારે સાડા નવ વાગે બનેલો. બનાવના નારોજ તેઓ

સવારે જીઆઈડીસી પો.સ્ટે. નજીક કળીયાકામ કરતા હતા ત્યારે તેઓના સબંધી કૈલાશભાઈનો તેઓ ઉપર ફોન આવેલો અને જણાવેલ કે, આજે સવારે શાંતુબાઈ સંડાસ કરવા સારુ ગયેલા ત્યારે અમોને જાણ થયેલી કે, જી.આઈ. ડી.સી. પો.સ્ટે. સામે શાંતુબાઈનું ફોર વ્હીલ ગાડીથી અકસ્માત થયેલ છે. અને તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ થયેલી અને એમ્બ્યુલન્સ વાળા તેમને સીવીલ હોસ્પિટલ, ભરૂચ ખાતે લઈ ગયેલા." તેવી હકીત જાણતા તેઓ તથા કાંતુભાઈ ભરૂચ સીવીલ હોસ્પિટલ ગયેલા તો જોયેલ તો શાંતુબાઈ બેભાન અવસ્થામા હતા અને તેને કપાળના ભાગે અને માથાના ભાગે ઈજાઓ થયેલી હતી અને તેને ડો.શ્રીએ પ્રાથમીક સારવર કરતા તેને માથાના ભાગે હેમરેજ થયેલાનું જણાવતા વધુ સારવાર માટે વડોદરા સીવીલ હોસ્પિટલ ખાતે રીફર કરતા તેઓ તેને વડોદરા લઈ ગયેલ હતા અને તે મરણ ગયેલ હતા. આ શાંતુબેનને જે ગાડીથી અકસ્માત થયેલો તે ફોર વ્હીલ ગાડીનો નંબર તેઓને ખબર નથી અને જે ભરૂચ જીલ્લાના પાર્સીંગની હતી જે બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલ હતો. અકસ્માત કરનાર ગાડી ચાલકને તેઓએ જોયેલ નહી કે તેઓ જોયે ઓળખી શકે નહી. બનાવ બન્યા બાદ તેઓ બનાવ સ્થળે પહોચેલા. સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રી દવારા ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસ કરતા તેમાં સદર સાહેદ એ હકીકતનો સ્વિકાર કરે છે કે, તેઓએ તેમના પોલીસ જવાબમા એવી હકીકત લખાવેલ છે કે, શાંતુબેનને અકસ્માત કરનાર ફોર વ્હીલ ગાડીનો નંબર તેઓએ જોયેલો જે જીજે ૧૬ સીએમ ૬૪૭૮ નો હતો અને તે ગાડી દશ એક વાગે બચપન સ્કુલ પાસે એક મો.સા. ઉભી હતી અને મો.સા.ની પાછળથી એક ફોર

વ્હીલગાડી પુર ઝડપે આવી મો.સા. ને પાછળથી ટકકર મારતા મો.સા. ચાલકને રોડ ઉપર ફંગોડી નાખેલ અને મો.સા.ની આગળ શાતુંબાઈને પણ ફોર વ્હીલ ગાડીના ચાલકે અડફેટે લીધેલ.

જયારે સદર સાહેદએ આરોપી તર્ફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓને ગુજરાતી લખતા વાંચતા આવડતુ નથી. પોલીસે તેઓના જવાબમા શુ લેખલુ તે તેઓએ વાંચેલ નથી. બનાવ બનતા તેઓએ જોયેલ નથી. તેઓએ ફોર વ્હીલ ગાડીના ચાલકને જોયેલ હતો તેવી હકીકત તેઓએ તેમના જવાબમા લખાવેલ નથી. પોલીસે ફકત તેઓનુ નામ સરનામુ પુછેલુ તેઓએ પોલીસને કોઈ બીજી હકીકત લખાવેલ નથી.

(૧૨) વધુમાં, આ કામે ફરીયાદપક્ષે આંક–૧૧ થી સાહેદ બધીયાભાઈ હુમજીભાઈ ભુરીયાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ મજુરી કામ કરે છે. બનાવ તા.૧૧–૮–૨૪ ના રોજ બનેલો. બનાવના રોજ સવારના સાત વાગે તેઓ અંકલેશ્વર જી.આઈ.ડી.સી.મા પો.સ્ટે. નજીક કડીયાકામ કરવા માટે ગયેલ હતા અને આશરે નવ વાગ્યાની આસપાસ કૈલાશભાઈના પત્ની સંડાસ જવા માટે ગયેલા જે પોલીસ સ્ટેશની સામે ગયેલ હતા અને તેઓ તેમનુ કડીયાકામ કરતા હતા. ત્યારબાદ અડધો કલાક પછી તેઓને ખબર પડેલી કે કૈલાશભાઈના પત્નીનું એકસીડન્ટ થયેલ છે તે સમયે એક એમ્બ્યુલન્સ પો.સ્ટે.ની સામેથી નીકળેલ હતી અને કૈલાશભાઈના પત્ની પાછા નહી આવતા તેઓની તપાસ કરેલી અને થોડીવારમા કૈલાશભાઈનો તેઓ ઉપર ફોન આવેલો અને તેઓને જણાવેલ કે, બચપન સ્કુલ પાસે મારા પત્નીનું એકસીડન્ટ

થયેલ છે. તેવી હકીકત જણાવતા તેઓ અકસ્માત વાળી જગ્યાએ ગયેલા અને જોયેલ તો શાંતુબાઈ રોડની સાઈડમા બેભાન અવસ્થામા હતા અને તેને ડાબી આંખની ઉપર અને કપાળના ભાગે ઈજા થયેલ હતી અને ડાબા કાનમાથી લોહી નીકળતુ હતુ અને ત્યા એક મો.સા. વાળાને પણ જમણા પગે તથા હાથે ઈજાહો થયેલી હતી અને થોડીવારમા ૧૦૮ આવી જતા કૈલાશભાઈના પત્નીને તથા બીજા ઈજા પામનાર નાઓ સાથે ભરૂચ સીવીલ હોસ્પિટલ લઈ ગયેલા અને તેઓ પણ પાછળ પાછળ દવાખાને ગયેલા જયા ડોકટર સાહેબે પ્રાથમીક સારવાર કરી જણાવેલ કે, શાંતુબાઈને માથાના ભાગે હેમરેજ છે જેથી વડોદરા હોસ્પિટલ ખાતે રીફર કરેલા અને બીજા ભાઈને પણ ઈજાઓ થતા તેને સારવાર માટે દાખલ કરેલા તેનુ નામ તેનુ નામ તેઓને હાલ યાદ નથી. આ ગાડી કોણ ચલાવતુ હતુ તેના ચાલકને તેઓએ જોયેલ નહી અને પાછળથી પણ તેઓને જાણવા મળેલ નહી અને આ અકસ્માત કેવી રીતે થયેલ હતો તેની પણ તેઓને ખબર નથી. પોલીસે તેઓની પુછપરછ કરેલ હતી અને તેઓનો જવાબ લીધેલ હતો. આ સિવાય બીજુ કાંઈ જાણતા નથી. સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રી દવારા ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસ કરતા તેમાં સદર સાહેદ એ હકીકતનો સ્વિકાર કરે છે કે, તેઓએ તેમના પોલીસ જવાબમા એવી હકીકત લખાવેલ છે કે, આરોપી પોતાના ફોર વ્હીલ ગાડી નં. જીજે–૧૬–સી.એન. ૬૪૭૮ ની પુર ઝડપે ચલાવી લાવી સદર બનાવમા રાહુલભાઈ ગોડ કે જેઓ બનાવવાળી જગ્યાએ પોતાની મો.સા. જીજે–૧૬ –બી.ઈ. –૯૦૪૭ રોડની સાઈડમા ઉભી રાખી પેશાબ પાણી કરવા ગયેલ અને પરત મો.સા. ઉપર બેસતા હતા તે વખતે એક ફોરવ્હીલ ગાડી પુર

ઝડપે આવી  મો.સા.ને પાછળથી ટકકર મારતા તે નજીકની ગટરમાં ફંગોળાઈ ગયેલ અને તેની મો.સા.ની આગળ ચાલતા શાંતુબાઈ નાઓને ફોર વ્હીલ ગાડીએ અડફેટમા લેતા તેને પણ ગંભીર ઈજાઓ પહોચાડેલી.

જયારે સદર સાહેદએ આરોપી તર્ફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓને લખતા અને વાંચતા આવડતુ નથી અને તેઓને અંગ્રેજી ભાષા પણ આવડતી નથી. તેઓને અંગ્રેજીના અક્ષરો તથા શબ્દો વાંચતા આવડતા નથી. પોલીસે તેઓને ફકત તેઓનુ નામ અને સરનામુ પુછેલુ. તેઓ રાહુલભાઈને કોઈ વખત મળેલ નથી.

(૧૩) વધુમાં, આ કામે ફરીયાદપક્ષે આંક–૧૩ થી મુકેશભાઈ રમણલાલ બંજારાને તથા આંક–૧૭ થી પંચ સાહેદ ઈશ્વરભાઈ નૈનસીંગભાઈ બંજારાને તપાસવામાં આવેલા છે. સદર પંચ સાહેદો પોતાની કોર્ટ રૂબરૂની સોગંદ પરની જુબાની દરમ્યાન પોતાની સરતપાસમાં આંક–૧૪ થી રજુ થયેલ પંચનામામાં પોતાની સહી સીવાયની અન્ય કોઈ હકીકતને લેશમાત્ર સમર્થન કરી શકેલ ન હોય જેથી ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દવારા સદર સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરી કોર્ટની પરવાનગીથી સદર સાહેદોની વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે. તેમ છતા સદર સાહેદોની ઉલટ તપાસ દરમ્યાન સદર સાહેદોની સરતપાસમાં જણાવેલ હકીકતથી વિશેષ કે ફરીયાદપક્ષના કેસને મદદરૂપ બની શકે તે મુજબની કોઈ હકીકત રેકર્ડ પર આવી શકેલ નથી.

જયારે સદર પંચ સાહેદોએ આરોપી તર્ફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓને ગુજરાતી લખતા અને વાંચતા આવડતુ નથી.

તેઓએ ફકત પો.સ્ટે.માં તૈયાર પંચનામા ઉપર સહી કરેલ હતી અને એ સિવાય તેઓ બીજુ કાંઈ જાણતા નથી.

(૧૪) આમ, સદર કામે સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આ કામના પંચ સાહેદ મુકેશભાઈ રમણલાલ બંજારાને આંક–૧૩ થી તથા પંચ સાહેદ ઈશ્વરભાઈ નૈનસીંગભાઈ બંજારાને આંક –૧૭ થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાનીમાં આંક–૧૪ વાળુ ગુનાવાળી પંચનામું રજુ થયેલ છે પરંતુ સદર પંચ સાહેદે પંચનામાની હકીકતને સમર્થન કરેલ ન હોય તેઓની જુબાનીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામુ પુરવાર થતુ નથી.

વધુમાં, ફરીયાદી રાહુલભાઈ હજારીભાઈ ગોડને આંક–૫ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની આંક–૬ ની ફરીયાદથી વિરુધ્ધની જુબાની આપેલ છે અને આ અકસ્માત કરનાર ફોર વ્હીલ ગાડીનો નંબર તેઓને યાદ નથી કે આરોપીને જોયે ઓળખતા ન હોવાનુ હોવાનુ જણાવે છે તેમજ અકસ્માત કરનાર ગાડીનો નંબર તેઓને યાદ નથી કે તેઓએ ગાડી કોણ ચલાવતુ હતુ તે પણ જોયેલ ન હોવાનુ તેમજ, ગાડીની સ્પીડ નોરમલ હોવાનુ સ્વિકારે છે.

વધુમાં, સાહેદ કૈલાશ શાકરીયાભાઈ ભાભોરને આંક–૭ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં ગાડી કોણ ચલાવતુ હતુ તેના ચાલકને તેઓએ જોયેલ હતો નહી અને પાછળથી પણ તેઓને જાણવા મળેલ નહી અને આ અકસ્માત કેવી રીતે થયેલ હતો તેની પણ તેઓને ખબર ન હોવાનુ જણાવે છે તેમજ, આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકિકત સ્વીકારેલ છે કે, પોલીસે તેઓને ફકત તેમનુ નામ અને સરનામુ પુછેલુ. તેઓ રાહુલભાઈ સાથે કોઈ વખત મળેલ નથી.

વધુમાં, સાહેદ કાન્તુભાઈ વસનાભાઈ ભાભોરને આંક–૮ થી તથા આંક–૯ થી સાહેદ લાલજીભાઈ મગનભાઈ ભાભોરને તપાસવામાં આવેલ છે. તેઓએ આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકિકત સ્વીકારેલ છે કે, તેઓને ગુજરાતી લખતા વાંચતા આવડતુ નથી. પોલીસે તેઓના જવાબમા શુ લ ેખલુ તે તેઓએ વાંચેલ નથી. બનાવ બનતા તેઓએ જોયેલ નથી. તેઓએ ફોર વ્હીલ ગાડીના ચાલકને જોયેલ હતો તેવી હકીકત તેઓએ તેમના જવાબમા લખાવેલ નથી. પોલીસે ફકત તેઓનુ નામ સરનામુ પુછેલુ  તેઓએ પોલીસને કોઈ બીજી હકીકત લખાવેલ નથી.

વધુમાં, સાહેદ બઘીયાભાઈ હુમજીભાઈ ભુરીયાને આંક–૧૧ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં આ ગાડી કોણ ચલાવતુ હતુ તેના ચાલકને તેઓએ જોયેલ ન હોવાનુ અને પાછળથી પણ તેઓને જાણવા મળેલ નહી અને આ અકસ્માત કેવી રીતે થયેલ હતો તેની પણ તેઓને ખબર ન હોવાનુ જણાવે છે. તેમજ, તેઓએ આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકિકત સ્વીકારેલ છે કે, તેઓને લખતા અને વાંચતા આવડતુ નથી અને તેઓને અંગ્રેજી ભાષા પણ આવડતી નથી. તેઓને અંગ્રેજીના અક્ષરો તથા શબ્દો વાંચતા આવડતા નથી. પોલીસે તેઓને ફકત તેઓનુ નામ અને સરનામુ પુછેલુ. તેઓ રાહુલભાઈને કોઈ વખત મળેલ નથી.

જેથી ઉપરોકત સમગ્ર પુરાવો જોતા, જયારે ફરિયાદી તથા સાહેદોના પુરાવામાં અકસ્માત કઈ રીતે થયો તે બાબતે કોઈ સ્પષ્ટતા જણાવવામાં ના આવેલ હોય, ત્યારે આરોપી સામેનો ગુનો સાબીત થયેલો માની શકાય નહી.

ફરીયાદપક્ષે પોતાના પુરાવાથી આરોપી બનાવ સમયે પોતાનું વાહન બેદરકારી કે નિષ્કાળજીપૂર્વક ચલાવતો હતો તે હકીકત પુરવાર કરવી જોઈએ.

(૧૫) વધુમાં આરોપી પર બી.એન.એસ. કલમ–૨૮૧,૧૨૫(એ),૧૨૫(બી), ૩૨૪(૪),૧૯૬(૧) તથા એમ.વી. એકટ કલમ–૧૭૭,૧૮૪ મુજબના ગુનાનો આરોપ છે જે ગુનાઓની સાબીતી માટે કાયદાની પરીસ્થીતી જોતા ,

**BNS Section - 281.** Rash driving or riding on a public way.—Whoever drives any vehicle, or rides, on any public way in a manner so rash or negligent as to endanger human life, or to be likely to cause hurt or injury to any other person, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees, or with both.

ઉપરોકત વ્યાખ્યા ઉપરથી બી.એન.એસ.ની કલમ – ૨૮૧ ની સાબીતી માટે નીચે મુજબના આવશ્યક તત્વો જરુરી છે.

(1) The accused was driving a vehicle or was riding.
(2) He was driving or riding on a public High Way.
(3) He was driving or riding rashly or negligently.
(4) The riding or driving endangered human life or was such as to be likely to cause hurt or injury.

(૧૬) વધુમાં મોટર એકસીડન્ટના કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ

કરવા બદલ દોષીત ઠરાવવા માટેના જે ધોરણો છે તેમા સૌ પ્રથમ ફરીયાદ પક્ષે એમ પુરવાર કરવુ જોઈએ કે આરોપી બનાવ સમયે અકસ્માત વાહનનુ ડ્રાઈવીંગ કરતો હતો. તથા સદર ડ્રાઈવીંગ બેદરકારીભર્યુ કે ગફલતભર્યુ ડ્રાઈવીંગ કરતો હતો. માત્ર એરર ઓફ જજમેન્ટના આધાર પર ફોજદારી કે ક્રીમીનલ બેદરકારી ભર્યુ ડ્રાઈવીંગ બાબતના પુરાવાના અભાવે આરોપીને ગફલતભર્યુ કે બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ કરવા બદલ દોષીત ઠરાવી શકાય નહી. વધુમાં નામદાર ઓરીસ્સા વડી અદાલતે " બદ્ર ીપ્રસાદ તિવારી વિરુધ્ધ સ્ટેટ " ૧૯૯૪ – ક્રિ.લો.જ. પેજ નંબર – ૩૮૯ માં ઠરાવેલ છે કે ,

> "Penal Code (45 of 1860), S.279 - NEGLIGENCE - Rash and negligent driving - Offence under - Ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established – Mere carelessness or error of judgment, not sufficient - Accident resulting in death, failure of prosecution to prove rash and negligent driving of accused – Bare statement that vehicle was being driven in high speed, not sufficient – Accused entitled for acquittal.

વધુમાં તે ચૂકાદાના પેરા ૫ માં એમ ઠરાવેલ છે કે ''Section 279, IPC

deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgment.

વધુમાં નામદાર ગુજરાત વડી અદાલતે સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ ચંદુભાઈ કે જે ૧૯૮૪ (૧) ક્રાઈમ્સ ૮૦૮ ( ગુજરાત) માં પ્રસીધ્ધ થયેલ છે તેમાં એવુ પ્રતીપાદીત કરેલ છે કે ,

" A complaint of negligent driving can not culminate in conviction if the prosecution fails to prove the accused was the negligent driver".

(૧૭) વધુમાં ભારતમમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત ના સિધ્ધાંતો મુજબ

ફરીયાદપક્ષે પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે તથા પ્રોસીકયુસન કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં રેકર્ડ પરના પુરાવાઓ ઉપરથી એક બાજુ એમ જણાઈ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાઈ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા તો કહેવાતો ગુનો આરોપીએ ન પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમાં ફરીયાદીએ પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહી. જેથી ફરીયાદ પક્ષમાં રહેલ તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં ફોજદારી ન્યાયશાસ્ત્ર નો એવો પણ સ્થાપીત સીધ્ધાંત છે કે , સો ગુનેગારો ભલે છુટી જાય પરંતુ કોઈ નિર્દોષ ને સજા  ન થવી જોઈએ. વધુમાં નામદાર સુપ્રીમ  કોર્ટ ધ્વારા " કૈલાસ ગોર વિરુધ્ધ સ્ટેટ ઓફ આસામ" જે એ.આઈ.આર. ૨૦૧૨ , એન.સી. પાન નંબર – ૭૮૬ ના ચુકાદામાં પ્રતીપાદીત કરેલ સીધ્ધાંતો જોતા તેના પેરા – ૨૮ માં એમ ઠરાવેલ છે કે ,

> *“It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 : (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh*

*Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 : (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."*

આમ, ઉપરોકત કરેલ ચર્ચા કારણોસર આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવુ ન્યાયોચીત જણાતુ નથી. આમ આરોપી અકસ્માતના ગુનામાં સીધી કે આડકતરી રીતે સંડોવાયેલ છે તેમ પુરવાર થતુ નથી.

(૧૮) આમ, ફરીયાદપક્ષના ઉપરોકત સમગ્ર પુરાવાથી અકસ્માત વખતે અકસ્માતવાળુ વાહન આરોપીએ બેદરકારી કે નિષ્કાળજીપૂર્વક રીતે ચલાવેલ હોવાનું ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલ કોઈ પણ સાહેદ પોતાના પુરાવામાં ચોકકસપણે જણાવતા નથી. જેથી ફરીયાદપક્ષના પુરાવાથી કહેવાતો અકસ્માતવાળો બનાવ બનેલાનું જણાઈ આવે છે, પરંતુ સદર બનાવ વખતે આરોપીએ અકસ્માતવાળુ વાહન ગફલતભરી રીતે હંકારેલ હોય કે સદરહુ અકસ્માત આરોપીની બેદરકારીના લીધે બનેલ હોય તેવુ ફરીયાદપક્ષના રજુ થયેલ તમામ પુરાવાથી માની શકાય તેમ નથી. જેથી ફરીયાદપક્ષ આરોપી સામેના ગુનાનું તહોમત નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી ત્યારે આરોપી છુટી જવા પામતો હોઈ મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદા નં.૨ માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

(૧) આ કામના આરોપી બાબુભાઈ કાશીરામ મોદી, રહે. મ.નં. ૩૨૧૩/૩૭, પારસમણી બંગલોઝ સોસાયટી, પારસમણી કોમ્પલેક્ષ સામે, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર, જી.ભરૂચ નાઓને તેમની સામેના અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૯૦૨૧૨૪૦૭૯૮/૨૦૨૪ બી.એન.એસ. કલમ– ૨૮૧, ૧૨૫(એ),૧૨૫(બી), ૩૨૪(૪),૧૯૬(૧) તથા એમ.વી. એકટ કલમ–૧૭૭,૧૮૪ મુજબના સજાને પાત્ર ગુનામાંથી બી.એન. એસ. એસ. કલમ– ૨૭૧(૧) અન્વયે પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસ.ની કલમ – ૪૮૧ (એ) અન્વયે આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાહેધરી માટે અગાઉ આપેલ જામીન, હુકમ તારીખથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ –૦૧ લી , માહે – જુલાઈ , સને – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**( વિજયકુમાર આર. સોલંકી )**
એડીશનલ સીનીયર સીવીલ જજ અને
અધીક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અંકલેશ્વર. જીલ્લો – ભરૂચ
**જજ કોડ નં.–જી.જે.૦૧૧૬૫**

તા. ૦૧/૦૭/૨૦૨૬
અંકલેશ્વર.